**Divyabhaskar**

EDII

December 03, 2022
Pg. 1
City Bhaskar

WORLD DISABILITY DAY EDIIએ 8,000 દિવ્યાંગોને આંત્રપ્રિન્યોરશિપની ટ્રેનિંગ આપી

# 2,624 દિવ્યાંગોએ 683 યુનિટ શરૂ કર્યાં અને 3 કરોડ સુધીનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું

## CEDA દિવ્યાંગોને એમ્પ્લોયમેન્ટ મળે તે પ્રમાણે સ્કિલ ડેવલપ કરવામાં મદદ કરે છે



**અમદાવાદ:** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાના સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઑફ ડિફરન્ટલી એબલ્ડ - સીઈડીએ (દિવ્યાંગ સશક્તિકરણ કેન્દ્ર) દ્વારા વર્લ્ડ ડિસેબલ્ડ ડે માટે સ્પોર્ટ્સ અને આર્ટ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. સીઈડીએને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ડિરેક્ટોરેટ ઑફ સોશિયલ ડિફેન્સ અને ગુજરાત સ્ટેટ હેન્ડિકેપ્ડ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન સાથે મળીને કામ કરે છે. ડિસેબિલિટી આંત્રપ્રિન્યોરશિપ દ્વારા પાંચ વર્ષમાં 24,000 દિવ્યાંગો સુધી પહોંચી તેમના ટ્રેનિંગની જવાબદારી EDIIએ લીધી હતી. જેમાં 2020થી અત્યાર સુધી 8000 દિવ્યાંગોને તેઓ ટ્રેનિંગ આપી તૈયાર કરી ચૂક્યા છે. માર્ચ 2022માં 2,624 જેટલા દિવ્યાંગોએ 683 યુનિટ શરૂ કર્યાં તેમજ 573 લોકોએ જોબ ક્રિએટ કરી છે. તેઓ કુલ 3,03,66,100નું ઈન્વેસ્ટમેન્ટ કરી ચૂક્યા છે અને હાલમાં આંત્રપ્રિન્યોર તરીકે કામ કરી રહ્યા છે.

તે સિવાય લાઈવલીહૂડ પ્રોગ્રામ, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ પણ યોજવામાં આવે છે. દિવ્યાંગજનોના વિકાસ માટે કામ કરતું આ કેન્દ્ર તેમને એમ્પ્લોયમેન્ટ મળે તે પ્રમાણે સ્કિલ ડેવલપ કરવાની ક્ષમતા વિકસાવે છે. EDIIએ ડિઝાઈન કરેલા પ્રોગ્રામમાં તેમના ડેવલપમેન્ટ, પોલિસી, અવેરનેસ અને ટ્રેનિંગ પ્રોગ્રામ જેવી ઈકો સિસ્ટમ બનાવવામાં આવી છે જેથી દિવ્યાંગોની મુશ્કેલીઓને સમજી તેમને આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે આગળ વધારી શકાય. એક્ટિવિટીમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી 77 ખેલાડીઓ - 56 પુરુષો, 21 મહિલાઓએ ભાગ લીધો. જેમાં બેડમિન્ટન, કેરમ, ચેસ અને ટેબલ ટેનિસ જેવી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ યોજાઈ. અર્જુન પુરસ્કાર વિનર રાજિન્દર સિંઘ રહેલુ અને પેરાલિમ્પિયન સચિન ચૌધરીએ હાજરી આપી હતી.

## ડિસેબલ્ડને ટ્રેનિંગ આપતા પહેલા તેમના મેન્ટલ બ્લોકેજિસ દૂર કરવા પડે છે

*દિવ્યાંગોને ટ્રેનિંગ આપતા પહેલા તેમના મેન્ટલ બ્લોકેજિસ દૂર કરવા પડે છે. તેઓ ડિસેબલ્ડ હોવાથી દરેક કામ જાતે કરવા સક્ષમ નથી હોતા તે બાબતનો ટ્રોમા હોય છે. ફિઝિકલ ડિસેબિલિટી કરતા મેન્ટલ બ્લોકેજિસ તેમની પરિસ્થિતિ વધારે મુશ્કેલ બનાવે છે. અમે ટ્રેનિંગ મોડ્યુલ એ રીતે ડિઝાઈન કરીએ છીએ જેમાં ટ્રેનર્સ પહેલા તેમના મેન્ટલ બ્લોકેજિસને દૂર કરવાનું કામ કરે છે. ત્યારપછી તેમને આંત્રપ્રિન્યોરશિપ ટ્રેનિંગ આપવામાં આવે છે.* » **ડૉ. અમિત કુમાર દ્વિવેદી,** પ્રોજક્ટ ડાયરેક્ટર, CEDA



### ડિસેબિલિટી આંત્રપ્રિન્યોરશિપ માટેનું સ્પેશિયલ ટ્રેનિંગ મોડલ

**સ્ટેપ 1:** સક્સેસ સ્ટોરી કહેવી જેથી તેમને પ્રેરણા મળે.

**સ્ટેપ 2:** કોગ્નિટિવ પ્રોબ્લેમ્સને સમજી મોરલ બુસ્ટ કરવું.

**સ્ટેપ 3:** ગવર્મેન્ટ સ્કીમ વિશે માહિતી આપવી.

**સ્ટેપ 4:** માહિતી મુજબ તેઓ ક્યાં ક્ષેત્રમાં આગળ વધી શકે તે માર્ગદર્શન આપવું.

**સ્ટેપ 5:** આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે શું કરી શકે છે તે માટે યોગ્ય ટ્રેનિંગ આપવી.



### દિવ્યાંગોને સિમ્પથીની નહી પણ ઈમ્પથીની વધુ જરૂર

*ડિસેબલ્ડ જે ક્ષેત્રોમાં એબલ્ડ છે તેમાં આગળ વધારવા અને આંત્રપ્રિન્યોરશિપ સ્કિલ ડેવલપ કરવી એ અમારું લક્ષ્ય છે. તેથી ગુજરાતના દરેક વિસ્તારના ઈન્સ્ટિટ્યૂટ્સ કે જેઓ દિવ્યાંગો માટે કામ કરે છે તેમની સાથે પાર્ટનરશિપ કરી પ્રોગ્રામ ડિઝાઈન કરવામાં આવ્યો છે. દિવ્યાંગોને સિમ્પથીની નહીં પણ ઈમ્પથીની વધારે જરૂર હોય છે. EDIIને ડિસેબલ્ડ ફ્રેન્ડલી કેમ્પસ બનાવવાનો હેતુ તેમના માટે એક્સેસિબિલિટી સરળ બનાવવાનો હતો.* » **ડૉ. સુનીલ શુક્લા,** ડાયરેક્ટર જનરલ, EDII